# વિવેકની લક્ષ્મણ રેખા ઓળંગવાથી આંદોલનનો મૂળ હેતુ માર્યો જાય છે

બહુચર્ચિત દિલ્હી સામૂહિક દુષ્કર્મ કાંડના કેટલાટ વિપરીત પડઘા પડ્યા છે. સરકારની અવઢવ અને અનિર્ણાયકતામાં કેટલાંક રાજકીય તત્ત્વોએ આખા આંદોલનને હાઈજેક કરવાનો પ્રયાસ કર્યો, જેથી આંદોલન ટોળાશાળીમાં બદલાઈ ગયું. મૂળ હેતુ બાજુએ રહી ગયો અને સફદરજંગ હૉસ્પિટલમાં જીવનમરણ વચ્ચે ઝોલા ખાતી કમનસીબ યુવતી પ્રત્યે શુભેચ્છા વ્યક્ત કરનારા યુવાનો અને યુવતીઓએ સરકાર વિરોધી ચળવળ ચલાવનારા કેજરીવાલ તથા સ્વામી રામદેવના હાથા બની જઈ પોલીસવાનો ઊંધાં પાડ્યાં, બેફામ પથ્થરમારો અને આગચંપી શરૂ કરી. પોલીસને નાછૂટકે લાઠીમારો ચલાવવો પડ્યો, પાણીમારો ચલાવવો પડ્યો, અશ્રુવાળુના ટોટા ફોડવા પડ્યા. એથી આંદોલનકારી મહિલાઓને પણ મેથીપાક મળ્યો. કેટલીક બહેનો તો બેહોશ થઈ ગઈ. પોલીસને બળ વાપરવું ગમતું નથી હોતું. પરંતુ પરિસ્થિતિ કાબૂ બહાર ચાલી જતી અટકાવવાની પણ એની ફરજ બની રહે છે. એ સાચું કે આંદોલન સ્વયંભૂ હતું; રોજેરોજ બનતી બળાત્કાર અને ખૂન જેવી ધૃણાસ્પદ ઘટનાઓએ રાજધાની દિલ્હીની આબરૂના લીરા ઉડાવી દીધા છે. હવે એ 'ક્રાઈમ કેપિટલ'ની નવી ઓળખ ધરાવે છે. જો રાજધાનીમાં જ પ્રજા સલામત ન હોય તો દેશના અંતરિયાળ વિસ્તારોમાં તો તેને રામભરોસે જ જીવવું પડતું હશે, એવી કલ્પના કોઈ પણ વ્યક્તિ કરી અને મેટ્રો રેલવેનાં ઘણાં બધાં મહત્વનાં સ્ટેશનો બંધ કરી દેવાં પડ્યાં. સોનિયા ગાંધીએ એમના કિલ્લામાંથી બહાર આવી આંદોલનકારીઓને આશ્વસ્ત કરવા પ્રયાસ કર્યો, શિંદેએ લાગણી સભર અપીલ કરી, સોનિયા ગાંધીએ બીજે દિવસે કેટલાંક આંદોલનકારી યુવાન-યુવતીઓને સામેથી, ૧૦ જનપથી સ્થિત નિવાસ સ્થાને બોલાવી વર્તમાન કાયદામાં સુધારો લાવવાની ખાતરી આપી. આ બેઠકમાં ગૃહમંત્રી અને કોંગ્રેસના નંબર-ટુ નેતા રાહુલ ગાંધી પણ જોડાયા. પરંતુ આંદોલનકારી સમુદાયને એમનું કોઈ આશ્વાસન શાંત ન પાડી શક્યું. વડાપ્રધાનની અપીલ પણ નિષ્ફળ રહી.

આખા પ્રસંગપટની ફલશ્રુતિમાં મીડિયાએ ભજવેલો રોલ પણ ઊડીને આંખે વળગે છે. મીડિયાએ એકધારું ઉશ્કેરણીજનક પ્રસારણ કર્યે રાખ્યું અને સંસદમાં વિપક્ષ નેતાઓ જેવી ભાષા બોલે છે તેવી સરકાર વિરોધી ભાષણબાજી ચલાવ્યે રાખી, નાછુટકે સરકારને પણ કડક બનવું પડ્યું. પોલીસે ઘણો સંયમ જાળવ્યો, પરંતુ આખરે કોઈ કારી ન ફાવી અને ટોળાં બેકાબૂ બની ગયાં. પોલીસને જ્યારે ખાતરી થઈ કે આંદોલનને હિત ધરાવતાં રાજકીય તત્વો હાઈજેક કરી રહ્યા છે.ત્યારે પોલીસને મહિલાઓ પર પણ લાઠીઓ વીંઝવી પડી. એથી પોલીસની અને સરકારની ગરિમા તો અળપાઈ જ, સાથે જ આંદોલનનો મૂળ હેતુ ચૂકી જઈ ટોળાં જાણે કોઈ છૂપા રાજકીય



## સ મ ય સ ર

- કેશુભાઈ દેસાઈ

શકે. દિલ્હીના રાજમાર્ગોપર શરૂ થયેલું જનઆંદોલન શરૂઆતમાં ફક્ત દુખિયારી દીકરીને ન્યાય અપાવવા માટેનું હોય એવું લાગતું હતું. કેટલેક અંશે એ જરૂરી પણ હતું. સરકારની આંખો ઉઘાડવા માટે પ્રજા પાસે આંદોલન સિવાય બીજો રસ્તો જ ક્યાં બચ્યો છે? અદાલતોની ગોકળગાય ગતિવાળી ન્યાય પ્રક્રિયાને ઝડપી બનાવવા માટે પણ સરકાર પર દબાણ લાવવું જરૂરી હતું. બલકે આવો ધૃણાસ્પદ અમાનુષી ગુનો આચરનારને કડકમાં કડક સજા થાય અને તે વહેલામાં વહેલી તકે કરવામાં આવે એ માટે પણ પ્રજાએ એનો પુણ્યપ્રકોપ પ્રગટ કર્યો તેને વાજબી જ ગણવો રહ્યો. ખુદ વડાપ્રધાન દિલ્હીમાં મુખ્યમંત્રી, ગૃહમંત્રી અને યુપીએ અધ્યક્ષા સોનિયા ગાંધીએ કબૂલવું પડ્યું કે ગુસ્સો વ્યાજબી હતો. વિદેશપ્રવાસથી પરત આવેલા દિલ્હીના ઉપરાજયપાલે પોલીસ અધિકારીઓ સામે પગલાં પણ લીધાં. મુખ્યમંત્રી શીલા દિક્ષિતના પુત્ર અને દિલ્હીના સાંસદ સંદિપ દિક્ષિતે પણ આંદોલન કરનારાઓની વાત બરાબર હોવાનું અને એમની સામે પોલીસે બિનજરૂરી બળ પ્રયોગ કર્યાનું સ્વીકારી દિલ્હીના પોલીસવડાને માથે દોષનો ટોપલો ઢોળ્યો. બીજી તરફ પોલીસવડાએ ક્ષમા યાચના પણ કરી લીધી. આ બધો ખેલ કિનારે ઊભાં ઊભાં જોઈ રહેલાં વિપક્ષનાં નેતા શ્રીમતી સુષમા સ્વરાજે એમની મધમીઠી જબાનમાં સરકારને સલાહ-સૂચન કર્યા, લોકસભાનું વિશેષ સત્ર બોલાવવાનું આહ્વાન કર્યું અને સર્વપક્ષીય બેઠક કરીને આ મુદ્દે ચર્ચા કરવાનું સૂચવ્યું. સરકાર માટે દિલ્હીના હૃદય વિસ્તારમાં થતાં જન આંદોલન ભારે શિરોવેદના સમાન છે. અગાઉ અણ્ણા હજારે અને બાબા રામદેવના 'ઉપવાસ' પ્રંસગે એકઠી થયેલી મેદની સાથે કામ પાડવાનો પોલીસને અનુભવ હતો. આ વખતે યુવાન વયનાં આક્રોશપૂર્ણ ટોળાં છેક રાયસીના હિલ્સ પર પહોંચી ગયાં હતાં. રાષ્ટ્રપતિ ભવન અને વડાપ્રધાન કાર્યાલયને ઘેરાવો કરવાની નેમ સાથે ધસી આવેલા જનસમૂહને વિજયચોકમાંથી દૂર ખસેડતાં દિલ્હી પોલીસને નેવાંનાં પાણી મોભે ચડાવવા જેવી વિકટ પરિસ્થિતિનો સામનો કરવો પડ્યો હતો. આખરે લુટિયનની વીવીઆઈપી દિલ્હી ૧૪૪મી કલમ હેઠળ ધકેલાઈ ગઈ એજંડા અનુસાર વર્તી રહ્યાં હોય એવી છાપ ઊભી થવા પામી છે. સૌથી કરુણતમ ઘટના ટોળાંને કાબૂમાં લેવા મથતાં પોલીસ કૉન્સ્ટેબલના મૃત્યુ લેખે સામે આવી છે ત્યારે આ પ્રકારનાં જનઆંદોલનોની વિશ્વસનીયતાના મુદ્દે પ્રશ્નાર્થ ચિહ્ન મુકાઈ ગયું છે. પેલી બળાત્કારનો ભોગ બનેલી મહિલા માટે દુઆ ગુજારવાને બદલે રોષે ભરાયેલાં કૉલેજિયન છોકરડાં સીધાં જ સરકાર પર તૂટી પડ્યાં તે નકારાત્મક અભિગમ પણ વિચાર માંગી લે છે. લોકશાહીમાં આંદોલન એ પ્રજાનો મૂળભૂત અધિકાર છે. લાગણીસભર નિવેદનોથી કે બોદાં આશ્વાસનોથી નવી પેઢી સંતુષ્ટ ન થાય, તે સમજી શકાય એવી બાબત છે, પરંતુ કાયદો રાતોરાત બનાવી કે ચડાવી શકે, તે પણ લોકશાહી રાષ્ટ્રના તરવરિયા તરુણ નાગરિકોએ સમજવું પડે. ઉત્તર પ્રદેશના નેતા આઝમખાને આવા ગુનાઓ માટે શરીઅતના કડક ઈસ્લામી કાયદાની તરફેણ કરી છે, પણ આ હિંદુસ્તાન છે. બળાત્કાર કરનારને પથ્થર મારી મારી નાખવાનો શરીઅતનો કાયદો ઉપરછલ્લી નજરે યોગ્ય લાગતો હોય તો પણ માનવ સંસ્કૃતિને અનુરૂપ ન જ ગણાય. આ મુદ્દે ગંભીર ચર્ચા થવી જોઈએ. એ મુદ્દે સત્તાપક્ષ અને વિપક્ષ સહિત બધા જ રાજકીય પક્ષો સહમત હોય ત્યારે આવા મુદ્દાને વધુ પડતો ચગાવવાથી કોઈની સત્તા લાલસા પોષવાનું માધ્યમ બની જવાનો ભય રહે છે. પોલીસ કૉન્સ્ટેબલ પર પથ્થરમારો કરી એને મરણતોલ ઈજા પહોંચાડનારાં તત્વોનો કેજરીવાલની 'આમ આદમી પાર્ટી' સાથે સંબંધ હોવાનું બહાર આવ્યું છે. આ પ્રકારની ગુંડાગીરીને તાબે થવાથી તો સરકાર કાયર ઠરશે અને પોલીસનું નૈતિક બળ તળિયે બેસી જશે. શું આ આંદોલન પાછળ 'શુદ્ધ' જન આક્રોશ જ કારણભૂત હતો? કે પછી એ કેન્દ્રની યુપીએ સરકાર વિરુદ્ધનું પદ્ધતિસરનું કાવતરું હતું? સમાજશાસ્ત્રીઓએ આ મુદ્દે ઊંડું સંશોધન કરવાની જરૂર છે. સામે પક્ષે આપણી ન્યાયની દેવડી પણ આવા મુદ્દે મૌન પાળે તે યોગ્ય નથી. આંદોલનકારીઓને આંતકવાદીઓ કે નકસલવાદીઓ સાથે સરખાવવાનો ગૃહમંત્રીનો અભિગમ જેટલો નિંદનીય છે એટલો જ આંદોલનને હિંસક સ્વરૂપ આપવાનો હિત ધરાવતાં તત્વોનો પ્રયાસ પણ વખોડવા લાયક છે. સબકો સન્મતિ દે ભગવાન...

# સ્વામિનારાયણ ધામ ખાતે ભવ્ય રજત જયંતિ મહોત્સવ

## ગુજરાત સહિત દેશ-વિદેશથી હરિભક્તો ભાગ લઈ રહ્યા છે

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર-કોબા માર્ગ પર આવેલ સ્વામિનારાયણ ધામ ખાતે વાસણા સ્વામિનારાયણ સંસ્થાને કલ્યાણકારી પચીસ વર્ષ પૂર્ણ થતાં રજત જયંતિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ગુજરાત સહિત દેશ-વિદેશથી હરિભક્તો ભાગ લઈ રહ્યા છે.

ગાંધીનગરને આંગણે સ્થિત સ્વામિનારાયણ ધામમાં યોજાઈ રહેલા આ મહોત્સવમા મફત નિદાન કેમ્પ રાખવામાં આવ્યો છે, જેમાં અલગ-અલગ રોગોનું નિદાન કરવામાં આવે છે. મહોત્સવમાં જીવનસ્પર્શી પ્રદર્શન, વ્યસનમુક્તિ શો, જીવનલક્ષી ટેલીફિલ્મ શો, કિડ્સ વર્લ્ડ સહિત સ્વામિજીની દિવ્ય વાણીના સત્સંગનો લાભ ભક્તજનો લઈ ખુશખુશાલ થઈ જાય છે.

૨૮મી ડિસેમ્બર સુધી ચાલનારા મહોત્સવમાં ૧૦ હજાર સ્વયંસેવકો ખડેપગે સેવા આપે છે. ભક્તો માટે ૮ ભોજન શાળા છે. જેમાં ૪ ભોજન શાળા મહિલાઓ માટે અને ૪ ભોજન શાળાઓ પુરુષ માટે છે. આવનાર દરેક ભક્તજનને સવાર-સાંજ ભોજન આપવામાં આવે છે. મહોત્સવમાં આવનારા લોકોની સલામતી માટે અલગ સલામતી સેવકો પણ તૈનાત રાખવામાં આવ્યા છે. રોજ ૧૫ હજારથી પણ વધુ ભક્તો મહોત્સવની મુલાકાત લઈ ધન્યતા અનુભવે છે.



શ્રી સૌરાષ્ટ્ર બાજ ખેડાવાળ બ્રાહ્મણ સમાજ, ગાંધીનગરનો સ્નેહમિલન કાર્યક્રમ સેક્ટર-૧૨ ખાતે યોજાયો હતો. આ પ્રસંગે નાતના વડીલો અને કાર્યકર્તાઓએ ભેગા મળીને વિવિધ કાર્યક્રમોનું આયોજન કર્યું હતું. નાનાં ભૂલકાઓના મનોરંજક કાર્યક્રમોની સાથે સાથે ખેડાવાળ લોકગાયક વિમલ મહેતાના ડાયરાને ભુદેવોએ મન ભરીને માણ્યો હતો. વિમલભાઈએ ભુદેવો સમકક્ષ પોતાની આગવી છટામાં લોકગીતો, ભજનો, ગઝલો રજૂ કરી લોકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. (તસવીર : તપન મહેતા)

# સાદરા વિદ્યાપીઠમાં મહિલા સ્વબચાવ તાલીમ શિબિર યોજાઈ



ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લાના સાદરા ગામે આવેલી મહાદેવ દેસાઈ શારીરિક શિક્ષણ મહાવિદ્યાલય ખાતે મહિલાઓના સ્વબચાવ અંગેની યુકિત-પ્રયુકિત માટેની ત્રિમાસિક શિબિર યોજાઈ હતી. સાદરા બી.પી.એડ અને એમ.પી.એ. કોલેજમાં અભ્યાસ કરતી ૩૭ મહિલાઓને ૩ મહિનાની સ્વબચાવ યુકિત-પ્રયુકિત માટેની શિબિર યોજાઈ હતી. મહિલાઓને બ્લેક બેલ્ટ જતીન પરમાર અને પૂજા પરમારે આફત, આતંકવાદ, અસામાજિક કૃત્યો સામે પડકાર ફેંકી સ્વબચાવ કરવા માટે વિવિધ રમતો, વિવિધ કૌશલ્યો જેવા કે ટેકવોન્ડો, મીડલ પંચ, લોઅર પંચ, અપર પંચ, સીધી લાત, ઊંચી લાત, નીચી લાત અને ફરતી લાત અંગેની તાલીમ આપી હતી. સંયોજક ડૉ. જમનાદાસ સાવલિયા, ગૌ સંવર્ધન કેન્દ્રના પ્રાધ્યાપક રમેશભાઈ પટેલ અને ડૉ. ઉદાજી પરમારે તાલીમના નિરીક્ષણ કાર્યમાં હાજરી આપી હતી. તાલીમ શિબિરનો સમગ્ર કાર્યભાર ડૉ. વિજયભાઈ મકવાણાએ સંભાળ્યો હતો.

# કે. કે. પટેલ વિદ્યાલયનો બાળ રમતોત્સવ યોજાયો

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લાના કોલવડા ગામે આવેલી કે.કે. પટેલ વિદ્યાલયના વિદ્યાર્થી ભાઈ-બહેનોનો તાજેતરમાં બાળ રમતોત્સવ યોજાયો હતો. જેમાં વિદ્યાર્થીઓએ વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લઈ પોતાનું કૌવત દર્શાવી પ્રથમ અને દ્વિતીય નંબર મેળવ્યો હતો.

શાળાના આચાર્યા ભાવનાબા વાઘેલાના અધ્યક્ષાપણા હેઠળ વિદ્યાર્થીઓમાં રહેલા સુષુપ્ત કૌશલ્યો કેળવાય તે હેતુસર શાળા પટાંગણમાં રમતોત્સવ યોજાયો હતો. જેમાં શાળાના ૧૫૦ વિદ્યાર્થી ભાઈઓ અને બહેનોએ ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ ૧૦૦ મી. દોડ, સ્લો સાયકલ, લીંબુ ચમચો, લંગડી દોડ, લોટમાંથી ચોકલેટ, સ્મૃતિ ટેસ્ટ, દેડકા દોડ, કોથળાદોડ, ત્રિપગી દોડ, માટલા ફોડ, ગોળા ફેંક, સંગીત ખુરશી વગેરે સ્પર્ધાઓમાં જોડાયા હતા અને વિજેતા બની પ્રથમ કે દ્વિતીય નંબર પ્રાપ્ત કર્યો હતો. શાળાના શિક્ષક નલિનભાઈ પટેલ અને ધનંજયભાઈ પટેલ દ્વારા સમગ્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

# રાજપૂત સમાજ ભવન ખાતે ૨૮મીથી નિ:શુલ્ક યોગાસન શિબિર યોજાશે

ગાંધીનગર, તા. ૨૫

રાજપૂત સમાજના મહામંત્રી પૃથ્વીસિંહ ચાવડાએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, રાજપૂત સમાજ ભવન, સેકટર-૧૨, ગાંધીનગર ખાતે તા. ૨૮મી ડિસેમ્બરથી ૬ઠ્ઠી જાન્યુઆરી ૨૦૧૩ સુધી સવારે ૬.૩૦થી ૭.૩૦ કલાક દરમિયાન યોગાસન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

ગાંધીનગરના સેકટર-૧૨ ખાતેના રાજપૂત સમાજ ભવન ખાતે યોજાનાર દસ દિવસની યોગાસન શિબિરનું સંચાલન અશ્વિનભાઈ દવે કરશે. યોગાસન શિબિરમાં તપાસ યુવક-યુવતીઓ, મહિલાઓ અને પુરુષો વિના મુલ્યે લાભ લઈ શકશે. શિબિરમાં ભાગ લેનાર વ્યકિતએ પોતાની શેતરંજી પાથરવા માટે સાથે લાવવાની રહેશે. સમગ્ર શિબિરમાં નગરજનોને જોડાવા પ્રમુખ પી.પી. બિહોલાએ ખાસ અનુરોધ કર્યો છે.

## દંઢાવ્ય ઝીણી ઔદિચ્ય સહસ્ત્ર વિદ્યોત્તેજક મંડળ દ્વારા સન્માન સમારોહ યોજાશે

ગાંધીનગર, તા. ૨૫

શ્રી દંઢાવ્ય (સત્તાવીસ) ઝીણી ઔદિચ્ય સહસ્ત્ર વિદ્યોત્તેજક મંડળ દ્વારા સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓની તા. ૩૦મી ડિસેમ્બર, ૨૦૧૨ના રોજ સવારે ૧૨ કલાકે સાલડીયા મહાદેવ, સાલડી, તા. જિ. મહેસાણા ખાતે સન્માનવામાં આવશે.

સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને લાંઘણજ બ્રહ્મ સમાજના સહયોગ દ્વારા પુરસ્કર-શિષ્યવૃત્તિ વિતરણ સમારોહ તેમજ મંડળને પ્રગતિના પંથે દોરનાર આજદિન સુધીના હયાત હોદ્દેદારોની કામગીરીને બિરદાવવા તથા તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવશે. સન્માન સમારોહમાં વિશ્વ હિન્દુ પરિષદના પ્રમુખ દિલીપભાઈ રમણલાલ ત્રિવેદીના પ્રમુખ સ્થાને યોજાશે. આ જ દિવસે મંડળની સાધારણ સભા રાખવામાં આવી છે. જેથી સભાસદોને હાજર રહેવા ખાસ જણાવાયું છે.

# દિવ્ય દર્શનમ્ : પૂ. હરિકેશવદાસ શાસ્ત્રીજીનું અદ્ભુત સર્જન

## ગાંધીનગરના પ્રથમ સ્વામિનારાયણ મંદિર સેકટર-૨૩માં ગંગાધરાની આબેહૂબ પ્રતિકૃતિ સાથેનું હરિભક્તોએ બનાવેલું વૈવિધ્યપૂર્ણ બેનમૂન પ્રદર્શન

પૂ. શાસ્ત્રી સ્વામિ હરિકેશવદાસજીએ ૩૫ વર્ષ પૂર્વ ગાંધીનગરમાં સ્વામિનારાયણ સંપ્રદાયના પ્રથમ મંદિરની ઈંટ મુકી હતી. ૭૮ વર્ષની વયે પહોંચેલા ગુરૂજીને દિક્ષા લીધાને ૫૫ વર્ષ પૂર્ણ થયાં છે અને એ પાવન પર્વની હર્ષોલ્લાસભરી ઉજવણી અર્થે સેકટર-૨૩માં આવેલા હરિમંદિર સ્વામિનારાયણ મંદિરમાં હરિભક્તોએ ભાવથી પ્રસંગ ઉજવવાની જોરદાર તૈયારઓ કરી છે.

દિક્ષા લીધા પછી ભારતભ્રમણ કરનારાં ગુરૂજીને સિદ્ધક્ષેત્રમ પુલહાશ્રમની વર્ષો પહેલાં મુલાકાત લીધેલી અને આ વખતે એમણે સંકલ્પ કર્યો કે પુલહાશ્રમતો હરિભકતોને લઈ જવું કઠીન છે પણ અહીં તો એનું સર્જન શક્ય છે ને? બસ, એમનો સંકલ્પ, પ્રભુનાં આર્શિવાદ અને હરિભક્તોની સર્જન શક્તિનો ભાવનો શુભગ સમન્વય થયો અને સે.-૨૩ સ્વામિનારાયણ મંદિરની સામે જ પુલહાશ્રમ અસ્તિત્વમાં આવી ગયો!!!

શ્રીમદ્ ભાગવતનાં પાંચમાં સ્કંધમાં વર્ણવેલા સિધ્ધક્ષેત્ર પુલહાશ્રમ કે જ્યાં મહાત્મા ભરતજીએ તપશ્ચર્યા કરેલી અને સ્વામિનારાયણ ભગવાને ચાર માસ નિવાસ કરી પ્રભુ ભક્તિની આહ્લેક જગાવેલી એવી પવિત્ર જગ્યા પુલહાશ્રણ ધામ, મુક્તિનાથ ભગવાન, ૧૦૮ ગંડક ગંગાધારાનાં આબેહુબ બેનમૂન પ્રદર્શન સાથે તપમૂર્તિશ્રી નીલકંઠવર્ણીના અલાંકિક દર્શનનો અદ્ભુત માહોલનું સર્જન દિવ્ય દર્શનની અનૂભૂતિ કરાવે છે. હિમાલય પર્વત, હિંસક પ્રાણીઓ, દિવ્યમંદિર, પાણીનાં ઝરણાં, ૧૦૮ ધારાઓનું સર્જન કોઈ વ્યાવસાયીક લોકોએ નહીં પણ માત્ર મંદિરનાં હરિભક્તોએ કર્યું છે. એવું જાણતાં અધિક માન ઉપજે છે.

ભક્તિ સિવાય અન્ય કોઈ કલ્યાણકારી સાધન નથી એવો સંદેશો આપતાં ગુરૂજી મંદિરનાં ૩૫ વર્ષ પૂર્ણ થયાંની ખુશીમાં સત્સંગ આરાધના પર્વની વાજતે ગાજતે ઉજવણીનું આયોજન થયું છે. આ કાર્યક્રમમાં હાજરી આપવા નરનારાયણ દેવ પીઠાધિપતિ કોશલેન્દ્ર મહારાજ પધારવાનાં છે અને સત્સંગ સભાની સાથે ગુરૂજીએ લખેલાં પુસ્તકનું વિમોચન પણ થવાનું છે. ગાંધીનગરમાં ધર્મ અને સંસ્કાર, શાંતિ અને સદ્ભાવના, શિસ્ત અને સ્વચ્છતા, જ્ઞાન અને ભક્તિનાં પ્રસારમાં સદા અગ્રેસર એવાં ગુરૂજીએ ૨૬ ડિસેમ્બર થી ૩૦ ડિસેમ્બર સુધી ભક્તિ- આરાધના સેવા સત્સંગનાં પ્રેરણાદાયી વિવિધ કાર્યક્રમોનું મંગળ આયોજન કર્યું છે!!!

ગાંધીનગરનાં હરિભક્તોને સંત-સત્સંગ-સમાગમ માટે દૂરના જવું પડે એટલાં માટે એકાદ સુંદર હરિમંદિર થવું જોઈએ એવો શુભ વિચાર કાલુપુરનાં શાસ્ત્રી હરિકેશવદાસજી કે જેઓ શહેરમાં ગુરૂજીનાં માનવંતા નામથી લોકહૃદયમાં બિરાજે છે એમને આવ્યો અને આ વિચારને આચાર્ય તેજેન્દ્ર પ્રસાદની મંજૂરીની મહોર લાગી જતાં ગાંધીનગરમાં સ્વામિનારાયણ મંદિરનાં ખાતા મુહૂર્ત સાથે ધર્મધજા લહેરાવવાની તડામાર તૈયારી થવાં લાગી.. આ સત્સંગ આરાધના પર્વ જેમની કૃપાદૃષ્ટિ હેઠળ ઉજવાઈ રહ્યો છે. એવાં ગુરૂજીએ ૫૫ વર્ષ પૂર્વે કાલુપુર મંદિરમાં સંત દિક્ષા લીધી હતી. વીસ વર્ષ સુધીનાં કાલુપુર મંદિરનાં સેવાકાળ દરમ્યાન સંસ્કૃતમાં પ્રખર તેજ પાથરનાર ગુરૂજીએ વેદાતાચાર્ય, વેદાંતતિર્થ, સાહિત્ય રત્ન અને સાહિત્ય શાસ્ત્રીની ઉપાધી સમાજનાં કલ્યાણ અર્થે મેળવી લીધી હતી.

આ પ્રસંગે ઉજવવા જે ખાસ પ્રદર્શન યોજાયું છે, જેને દિવ્ય દર્શનમ્ એવું નામ આપ્યું છે. સોળ ચિહ્ન સાથેના સ્વામિનારાયણ ભગવાન ચરણનાં દર્શન જ્ઞાન વર્ધક છે. વિવિધ દેશોની આકર્ષક સ્ટેમ્પ ટીકીટો, કવરનું સંગ્રહાલય અત્યંત રસપ્રદ અને ઈતિહાસના પાનાનું પુનરાવર્તન કરે એવું બનાવ્યું છે. એકસાથે વધુ દેશોની ચલણીનોટો અને સિક્કાની જે રજૂઆત કરી છે તે કાબીલેદાદ છે. જે તે રાષ્ટ્રના નકશા સાથે એની નોટ કે સિક્કા લગાડી એની સવિસ્તાર માહિતી આપી છે. ભારતનાં આનાનાં ચલણથી લઈ છેલ્લાંમાં છેલ્લા સિક્કા સુધીની માહિતી આપતી જે ગોઠવણ કરી છે તે કોઈ પ્રોફેશનલ ઈવેન્ટ મેનેજમેન્ટ છક્કડ ખવડાવે એવી છે

મહિલાઓએ તો ભક્તિ અને શ્રદ્ધાનાં ઘોડાપુર સમાન કમાલ જ કરી છે. મોતીકામથી બનાવેલી વસ્તુઓ આહ અને વાહ બોલાવી દે છે. કલર કોમ્બિનેશન, ચોકસાઈ અને આકર્ષક એવાં કે નજર ખસે નહીં. મંદિરની બહેનો ખરેખર અભિનંદનને પાત્ર છે. અનાજમાંથી બનાવેલાં કલાત્મક હિંડોળા પહેલી નજરે ખબર જ ના પડે કે આ કલર કરેલાં છે કે માત્ર અનાજનાં જ છે. ૩૯ જાતનાં કઠોળ અનાજમાંથી બનેલાં હિંડોળા બનાવવામાં યુવકોએ રંગ રાખ્યો છે. બારીકાઈ અને ગોઠવણ મગજને કસીને બનાવેલાં છે. તો ત્યાં આની માહિતી આપતો સ્વયંસેવક રાજા પણ કણેકણની માહિતી આપી માત્ર રખેવાળ નહીં જ્ઞાનની પ્રદર્શન કરી પ્રેક્ષકોને જ્ઞાની બનાવી, કલાની કદર કરે છે.

પ્રદર્શનનું સંપૂર્ણ સંકલન મંદિરનાં સંતો સ્વામી હરિપ્રિયદાસજી અને સ્વામી રંગદાસજી અને ઉત્સાહથી છલકાતા યુવાનો સુનીલ પટેલ, કે.પી. પટેલ, પ્રકાશ રાજન, મિહીર ડાભી, પ્રજ્ઞેશ પટેલ, નારાયણ જાની અને અન્ય અસંખ્ય નામની ખેવના વગર ગુરૂજી પ્રત્યેના અહોભાવથી દિવસ-રાત એક કરી અદ્ભુત પ્રદર્શન બનાવ્યું છે. હિમાલયની અને પુલહાશ્રમનું સ્ટ્રકચર બનાવવામાં યશનંદ એન્જિનીયર્સના સમીરભાઈ અને હેમીશભાઈએ કુશળતાપૂર્વકનો હાથ અજમાવેલો છે.

જીવન ઉપયોગી બોધવાર્તાથી સુખી થવા સમાધાનકારી રસ્તો અપનાવવાની શીખ આપતાં ગુરૂજીનું સાહિત્યક્ષેત્રે અનન્ય યોગદાન છે. એમણે સામાન્ય માણસને સહેલાઈથી સમજાય એવી ભાષામાં ૫૧થી વધુ પુસ્તકો લખ્યાં છે. એમનાં લોકોની લાયબ્રેરીમાં સ્થાન પામેલાં અને પુનઃમુદ્રિત થયેલાં વિદૂરી નીતિ, પ્રવચન પંચામૃત અને ભગવત ગીતાસારએ અમૂલ્ય સંપત્તિ સમાન છે. સાહિત્યના યજ્ઞને આગળ ધપાવતાં ગુરૂજીનાં હસ્તે લખાયેલું એક નવું નજરાણું શ્રી હરિલીલા વાર્તાવિવેક પુસ્તકનું વિમોચન આ આરાધના પર્વ દરમ્યાન થવાનું જ છે.

સંસારના વિષચક્રમાં ભરાયેલાં મનુષ્યને બે ઘેડી દિલને શાતા મળે અને મનનાં એન્ટીનામાં સારાં વિચારો ભરાય એવાં આશયથી આ હરિમંદિરનાં છત નીચે ગુરૂજીના સાનિધ્યમાં બાલસભા, યુવકસભા, બહેનોની સભા, સમુહ પૂજા, શ્રવહા સત્સંગ, વિવિધ તહેવારો અને શૈક્ષણિક પ્રવૃત્તિઓ ભાવથી થઈ રહી છે. આ મંદિરનાં પ્રવેશ દ્વારે આવેલા હનુમાનજીનાં આર્શીવાદથી મનોઈચ્છિત વાંછન પરિપૂર્ણ થાય છે એવી શ્રદ્ધાથી શનિવારની આરતીમાં માનવ મહેરામણ ઉભરાય છે.

આ વખતે યોજાયેલાં પ્રદર્શનમાં સૌથી છેલ્લે આવતું વિડિયો નિદર્શન સ્વામિનારાયણ મંદિરની જમીન સંપાદનથી લઈ છેક છેલ્લે મંદિરની વેબસાઈટ સુધીની યાત્રા કરાવે છે. જો એકવાર આ નિદર્શન જોઈએ તો આ મંદિરના મહાત્મ્યની પૂર્ણ ઝાંખી થઈ જાય છે.

સે.-૨૩નું સ્વામિનારાયણ મંદિર ગાંધીનગરની સામાજિક પ્રવૃત્તિમાં પણ ઉદાર હાથે કાર્યરત છે. બાળકોથી લઈ વૃદ્ધોમાં ગુરૂજીની વાણીનું ગજબનું આકર્ષણ છે. પ્રામાણિકતા, સમયની સાચવણી અને મધુરવાણીએ સુખની ચાવી છે. એવો ગુરૂમંત્ર આપતાં ગુરૂજી ભપકા, દેખાડા અને આડંબરને દૂરથી જ રામ રામ કરે છે. પોતાની વર્ષો જૂની બેઠક પર આસન જમાવતાં ગુરૂજી મોર્ડન ક્રાંતિની તરફેણમાં છે અને લેટેસ્ટ ટેકનોલોજી અપનાવવામાં કયારેય પાછીપાની કરતાં નથી.

જથ્થોને બદલે ગુણવત્તામાં માનતાં ગુરૂજી એમનાં મંદિરનાં નિયમીત હરિભકતોનું કલ્યાણ કરી શકે તોય ઘણું કર્યું એમ માને છે. પોતાના સંત્સંગીઓ દ્વારા જ સર્જન કરાવી પ્રદર્શન કરવાનો એમનો આગ્રહ હોય છે. સ્વામીનારાયણ મંદિરનાં સત્સંગ, સદ્ભાવની મહેંક માણવાં ગાંધીનગરની જનતાને ભાવભર્યું આમંત્રણ છે. વૈવિધ્યપૂર્ણ સ્ટેમ્પ, સિક્કા, મોતીકલા, હિંડોળા, બાલખઓનઈ રમતો અને આ બધાથી ચઢીયાતું પુલહાશ્રમ અવશ્ય માણવાં જેવું જ છે. પ્રદર્શન માણતાં આવો અને પ્રભુનો આર્શિવાદ મેળવતાં આવો..

જય સ્વામિનારાયણ..

- સંજય થોરાત

